અપીલ અરજી નં.૩૧૩ તા.૩–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની ની તા.૪–૧૨–૧૦ ની અરજીથી સેન્ટ્રલઝોનના તા.૨૨–૭–૦૯ ના સે.ઝોન/આરોગ્ય/સેની/આ. નં.૧૨૮ માં જણાવવામાં આવેલ છે કે ૪/૨૯૪ વાળી મિલ્કતના માલિકે પરવાનો રીન્યુઅલ કરાવ્યા વગર જવલનશીલ પદાર્થનો સંગ્રહ કરવા બદલ આરોગ્ય વિભાગે મ્યુ. કોર્ટમાં કેસ નં.૩૯૧૨ અને ૩૯૧૩ થી દાખલ કરવામાં આવેલ તેવું જણાવેલ તો પછી કોર્ટમાં કરેલ કેસનો નિકાલ થયા વગર સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં.૪/એ ના મુખ્ય આરોગ્ય નિરીક્ષક જવલનશીલ પદાર્થોનો પરવાનો રીન્યુ કરી શકે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૩/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની ની તા.૪–૧૨–૧૦ ની અરજીથી સેન્ટ્રલઝોનના તા.૨૨–૭–૦૯ ના સે.ઝોન/આરોગ્ય/સેની/આ. નં.૧૨૮ માં જણાવવામાં આવેલ છે કે ૪/૨૯૪ વાળી મિલ્કતના માલિકે પરવાનો રીન્યુઅલ કરાવ્યા વગર જવલનશીલ પદાર્થનો સંગ્રહ કરવા બદલ આરોગ્ય વિભાગે મ્યુ. કોર્ટમાં કેસ નં.૩૯૧૨ અને ૩૯૧૩ થી દાખલ કરવામાં આવેલ તેવું જણાવેલ તો પછી કોર્ટમાં કરેલ કેસનો નિકાલ થયા વગર સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં.૪/એ ના મુખ્ય આરોગ્ય નિરીક્ષક જવલનશીલ પદાર્થોનો પરવાનો રીન્યુ કરી શકે તેની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવમાં જે માહિતી આપવામાં આવેલ છે તે ખોટી છે તેમજ સંતોષકારક નથી તેવું જણાવી એપેલેટ ઓફિસરને તા.૩–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૫ તા.૧૫–૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૫૨૩ તા.૨૮–૧–૧૧ થી પૂરક વિગતોમાં અત્રેના વિભાગને અરજદારની મુળ અરજીની નકલ મળેલ છે. દરમ્યાન અરજદારને પાઠવેલ તા.૩૧–૧૨–૧૦ ના માહિતી પત્ર નં.સી.ઝેડ/૧૩૫૭ ની નકલ પણ અત્રે મળેલ છે.

અરજદારની તા.૪–૧૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૫૭ તા.૩૧–૧૨–૧૦ થી " ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં વોર્ડ નં.૪/૨૯૪ વાળી મિલકતના માલીક રાજેશભાઈ નરેશભાઈ જરીવાલા સામે મ્યુ. કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ. જે અન્વયે નામદાર કોર્ટે રૂા.૧૦૦/– નો દંડ કરેલ છે. મુખ્ય આરોગ્ય નિરીક્ષકને પરવાનો રીન્યુ કરી શકે એવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી પરંતુ ડે.આરોગ્ય અધિકારીશ્રી તરફથી તા.૧૪–૩–૧૦ ના રોજ પરવાનો રીન્યુ કરવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે માહિતી ખોટી તેમજ સંતોષકારક નથી તેવું જણાવી તા.૩–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે આપેલી માહિતીમાં રૂા.૧૦૦/– ના દંડ બાબતે કઈ તારીખે અને કઈ સાલમાં દંડ વસુલ કરવામાં આવ્યો તેવો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરી જાણકારી આપેલ નથી તેવું જણાવેલ છે. જયારે પરવાનો રીન્યુ બાબતે અરજદારે ગોળ ગોળ માહિતી આપવામાં આવે છે અને મુખ્ય આરોગ્ય અધિકારી તપાસ કરે ત્યાર બાદ લાયસન્સ રીન્યુ થતા હોય છે. અને આરોગ્ય અધિકારીએ પરવાનો રીન્યુ કરેલ હોય તેવું જણાવે છે તો સાચું શુ? તેવો પ્રશ્ન અપીલ તબકકે રજૂ કરેલ છે. વધુમાં અરજદારની મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં મુખ્ય આરોગ્ય નિરીક્ષક પરવાનો રીન્યુ કરી શકે તેટલા પૂરતી રહેલી છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ એવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. નાયબ આરોગ્ય અધિકારી ધ્વારા રીન્યુ કરેલ છે તેમ પણ જણાવેલ છે. તેમ છતાં અરજદાર તરફથી પરવાનો કયા સક્ષમ અધિકારીએ અને કઈ તારીખે આપવામાં આવેલ છે તેની વિગતો જણાવેલ છે. જેમાં પરવાનો ડે.આરોગ્ય અધિકારીએ તા.૧૪–૩–૧૦ ના રોજ રીન્યુ કરેલ છે. છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને તેની મુળ અરજી બાબતની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાય છે. અરજદારે અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે આરટીઆઈ કાયદાના નિયમો અને જોગવાઈને આધીન અલાયદી અરજી કરી માહિતી મેળવી શકે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :  –૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)..જાણ તથા અમલ  માટે .
(૨) શ્રી હેમંત એન. દેસાઈ